# વિક્રમ સંવત ૨૦૭૩નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

ભગવાન ગણેશ ઓ સૂર્યદેવની પ્રાર્થના સ્તુતિ કરી અમો વિક્રમ સંવત ૨૦૭૩નું યત્કિંત મેદનીય ભવિષ્ય જ્યોતિષ વિષયક બાબતોને આધારે લખીએ છીએ. એ સર્વે જનાઃ સુખિનો ભવન્તુ. નવા વર્ષની મનુષ્યલક્ષી સર્વ પ્રાણીઓની સુખ ઉપડે અને શાંતિ રહે તેવી પ્રાર્થના પ્રભુને કરીએ છીએ સર્વે વાંચકોને નવા વર્ષની શુભકામના...

કર્મ સાધારણ રીતે કાચબાના આકારે પૃથ્વીને કુર્માકાર માનીને વિભિગ્ન દિશા, ખૂણા તેમજ મધ્યબિંદને નક્ષત્ર સમુહમાં વિભાજીત કરી કાચબાના પગ, મુખ, નાભિ, કૃક્ષિ તથા અંગોના પર્યાયથી નક્ષત્રો ઉપર આકારણીય જ્યોર્તિ વિંડોની પૃથ્વી ઉપર થનાર શુભ, અશુભ બાબતોનું તાર્કિક નિરૂપણ છે.

પૌરાણિક બાબાતોમાં ભગવાન વિષ્ણુને કુર્માવતાની કથામાં કુર્માવતાર જણાવેલ છે. અહિં પૃથ્વીનું તાત્પર્યમાં વાતાવરણ સહિત પૃથ્વી છે. કુર્મ શબ્દનો અર્થ આવરણ અને પૃથ્વી છે. પૌરાણિક બાબતોને ફળ જ્યોતિષ વિજ્ઞાનમાં પણ સમજાવવામાં આવેલ છે. કાચબો અને શેષનાગની કથાઓ પણ આ બાબતો વ્યક્ત કરવા શાસ્ત્રોમાં સમજાવેલ છે.

કુર્મચક્રમાં, કુર્મરૂપી જર્નાદન, યા પ્રજાપતિનું શિર યા મુખ હંમેશા પૂર્વ દિશામાં રહે છે.

સમગ્ર ભૂમંડળના અલગ અલગ ભાગોમાં વિભાજીત કરી ત્રણ ત્રણ નક્ષત્રમાં સ્થાપિત કરેલ છે.

(૧) નાભિ યા મધ્ય ભાગ (૨) પૂર્વ (૩) અગ્નિકોણ (૪) દક્ષિણ (૫) દક્ષિણ-પશ્ચિમ યા નેઋત્ય (૬) પશ્ચિમ (૭) પશ્ચિમ ઉત્તર યા વાયવ્ય (૮) ઉત્તર (૯) ઉત્તર પૂર્વ યા ઈશાંત

પૂર્વમાં શિર રહેવાથી પશ્ચિમમાં પૂંછ ઉત્તર અને દક્ષિણમાં બંને પાશ્ચે ચાર વિદિશાઓના ચાર પગ, મધ્યમાં નાભિ આ પ્રમાણે કાચબાના આકારે કુર્મચક્ર પર આ પૃથ્વી સ્થિત છે. કુર્મચક્ર વ્યાપક રીતે વિશ્વકુર્મ છે. વળી કુર્મચક્રનું વર્ગિકરણના ભેદ જોઈએ તો, (૧) પૃથ્વીકૂર્મ (૨) દેશકૂર્મ (૩) નગર કૂર્મ (૪) ક્ષેત્રકર્મ (૫) ગૃહ યા વાસ્તુકૂર્મ. આ બાબતોથી ભુમંડળમાં દેશ, નગર, વસ્તી, ભવન, વિ. શુભાશુભ બાબતો જોવામાં આવે છે. પૃથ્વી કુર્મમાં કૃતિકાથી ત્રણ, ત્રણ નક્ષત્ર ક્રમશઃ મધ્ય, પૂર્વ, અગ્નિકોણ આદિમાં, પરિક્રમાના ક્રમે સ્થાપિત કરેલ છે.

પાંચ કુર્મચક્રોમાં સામાન્ય રીતે મધ્યમાં દેશ નગર, નામ નક્ષત્રથી શરૂ કરીને કાચબાની આકૃતિમાં દિશા, ખૂણા, મુખ, પૂંછ, મધ્ય ... વિ. ભાગમાં વિભાજીત કરેલ છે. આ બાબતોથી ભાવી, .... વિ.ને જોતાં આ નક્ષત્ર સમુદ્રમાં ભારતના જુદા જુદા તેમજ નજીકના દેશોનો પણ ઉલ્લેખ કરેલ છે. જેને ગ્રહોની ચાલી નક્ષત્ર ઉપર થવાથી તત્ ભાગોનું મેદનીય જ્યોતિષ ફળાદેશ કરી શકાય છે.

આ ચક્રમાં ચક્રના વેધ પણ ગ્રહો વિશે જાણી શકાય છે. કૂર્મસ્થામાં સૂર્યને વેધ પશ્ચિમમાં, ઉત્તરનો વેધ દક્ષિણમાં, ઈશાન ખુણાનો નૈઋત્ય ખૂણામાં અને અગ્નિખુણાનો વાયવ્ય ખૂણામાં નક્ષત્રોથી વેધ થાય છે.

કૂર્મચક્ર અંગે જોઈએ તો, મધ્ય ભાગમાં પંજાબ, મધ્યવર્તી પ્રદેશ, યમુના ગંગા, કુરૂક્ષેત્ર, આરબીય પ્રદેશ, રાજસ્થાન, મથુરા, હસ્તિનાપુર, પૂર્વ બંગાળનો ભાગ, હાલનો બાંગ્લાદેશ, વિ. આ ચક્રમાં ઉજ્જૈનને કેન્દ્ર માની ભારતનું ભાવચિત્ર જ ખેંચેલું છે. કૂર્મચક્રમાં નામોનો ઉલ્લેખ, પૌરાણિક નામોનો ઉલ્લેખ ગણેલ છે. પ્રાચીન ભારત વર્ષની ગણનામાં કૂર્મચક્ર પ્રમાણે જોતાં, મધ્યભાગના નક્ષત્રો, કૃતિકા, રોહિણી, મૃગશિર નક્ષત્ર છે. આ અંગે પાપગ્રહણોનો પ્રભાવ સવિશેષ થાય છે. કૃતિકા નક્ષત્રમાં મંગળ, તા. ૮-૪-૨૦૧૭થી આવશે. રોહિણી નક્ષત્રમાં મંગળ તા. ૨૪-૪-૨૦૧૭થી આવશે. મગૃશિર નક્ષત્રમાં તા. ૧૭-૫-૧૭થી ૫-૬-૨૦૧૭ સુધી રહેસે. તા. ૫-૬-૨૦૧૭ના ૨૫ કલાક ૧૯ મિનિટે મંગળ આદ્રા નક્ષત્રમાં આવશે.

સૂર્યનો પ્રભાવ તા. ૧૧-૫-૧૭થી ૨૨-૬-૧૭થી ઉપયુર્ક નક્ષત્રમાં રહેશે. તા. ૨૯ મે ૨૦૧૭માં મંગળ-શનિ પ્રતિયોગ થશે.

કૂર્મચક્ર અંગે જોતાં, ઉપર્યુક્ત પ્રદેશોના આ ગાળામાં હવામાનમાં પણ પલટા આવશે. સપ્ત ગરમી પડશે, ગરમીનો આંક પાછલા રેકર્ડ ઘણા ભાગોમાં વટાવી પણ જાય. પવનની ગતિની અસર પણ જણાશે. દેશના મધ્યભાગમાં ઘણી ઘટનાઓથી પ્રભાવિત થતુ જોવા મળશે. દિલ્હી, રાજસ્થાન, પંજાબ વિ. ભાગો અસરકારક રહે. મંગળ, પરાક્રમી અને યુદ્ધ કારક ગ્રહ છે. ઉનાળામાં શપ્ન ગરમી ફેંકતા ગ્રહ છે. વળી વર્ષા લાવતા અને વર્ષા વાશક પણ છે. એટલે આ વખતનો એપ્રિલ માસ દેશના મધ્યભાગ માટે ઘટના પ્રભાવ રહે અને ગંગા, જમનાના મેદાન પ્રદેશ તપી ઉઠતાં આવનાર ચોમાસુ મોસમ માટે હવાના દબાણ સર્જનાર બને. એટલે આ વખતનો ઉનાળો દિલ્હી સહિત રાજસ્થાન વિ. ભાગો માટે આકરો જણાય.

ભારત વર્ષના કૂર્મ ચક્રમાં પૂર્વમાં પ્રભાવિત થાય. દેશો અંગે જોઈએ તો, પૂર્વમાં કાસી, કોસલ, યા અયોધ્યા પ્રદેશ, મિથિલા, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળનો અધિકત્તમ ભાગ, આંધ્રનો થોડો ભાગ.

## આ ભાગના કુર્મના નક્ષત્રો જોઈએ તો...

**(૧) આદ્રા, પૂનર્વસુ, પુષ્ય :**
વેધ નક્ષત્રો જયેષ્ઠ, મૂળ, પૂર્વાષાઢા
આદ્રામાં મંગળ, ૬-૬-૨૦૧૭થી ૨૬-૬-૨૦૧૭
પુનર્વસુમાં મંગળ, તા. ૨૬-૬-૨૦૧૭થી ૧૬-૭-૨૦૧૭
પુષ્યમાં મંગળ - તા. ૧૬-૭-૨૦૧૭થી ૬-૮-૨૦૧૭
તારીખ ૬-૮-૨૦૧૭થી મંગળ ૧૧ કલાક ૩૧ મિનિટે આશ્લેષા નક્ષત્રમાં આવશે.

જુન ૨૦૧૭ તા. ૧૫માં, સૂર્ય, શનિ પ્રતિયોગ થશે.

આ વખતમાં, બંગાળના ઉપસાગરમાં હવાના દબાણ ઉભાં થતાં ઉપર્યુક્ત ભાગો પ્રભાવિત થતા જણાય. પવનના તોફાનો જણાય. આ વખતે પશ્ચિમ ભાગોમાં પણ પવન સાથે કેટલાક ભાગોમાં ધૂળની ડમરીઓ ઉડે અને વરસાદ જણાય. પરંતુ મંગળ ગ્રહનો પ્રભાવ આંદોલનકારીઓના પ્રભાવિત થાય તો મોટા મોટા આંદોલનો જ થાય. મંગળ સૂર્યના પ્રભાવમાં આવતાં જુનમાં પણ ઘણા ભાગોમાં ગરમીનો પ્રભાવ જણાય. શનિનો પ્રભાવ પણ મંગળને પ્રભાવિત કરશે. એપ્રિલ-૨૦૧૭થી ચોમાસુ ૨૦૧૭ સુધી સીમાંત પ્રદેશોમાં કંઈને કંઈ ઘટનાઓ બન્યા કરશે. વારાણસી, અયોધ્યા વિ. ભાગોમાં મંગળની અસર જણાશે. કેટલીક અગમ્ય ઘટનાઓ બુલંદ થતી જણાશે. પૂર્વીય ભાગો ઘટનાના સાક્ષી જણાશે. ચીનનો ભાગ પણ ઘટનાઓથી પ્રભાવિત થતો જણાશે. બિહારના ભાગોમાં અવનવી ઘટનાઓ વચ્ચે ઝારખંડ, ઓરિસ્સા વિ. ભાગો પ્રભાવિત થશે. દક્ષિણી-પૂર્વીય તટ વરસાદ પવન અને હવાના દબાણોથી પણ પ્રભાવિત થતો જણાશે. પશ્ચિમ બંગાળના ભાગોમાં ઘટના પ્રભાવિત વધુ જણાશે. જ્યારે ગુજરાતના ભાગો પણ હવામાન વાતાવરણથી પ્રભાવિત જણાય. અગ્નિ ખુણાના ભાગ, આંધ્રનો દક્ષિણ ભાગ, વિધ્યાચળનો દક્ષિણ ભાગ, વિદર્ભ, મરાઠાવાડા વિ. મહારાષ્ટ્રના ભાગો. કૂર્મ ચક્ર પ્રમાણે આ ભાગના પ્રભાવિત નક્ષત્રો જોઈએ તો, કૂર્મ રૂપી કાચબાના પગતળેનો આ વિભાગ ગણાય છે.

નક્ષત્રો, આશ્લેષા મધા, પૂર્વા ફાલ્ગુની, અગ્નિખુણાના નક્ષત્રોનો વેધ વાયવ્ય ખુણાના કુર્મના નક્ષત્રોથી થાય છે.

**વાયવ્ય ખુણાના નક્ષત્રો,**
ઉત્તરાષાઢા, શ્રવણ અને ઘનિષ્ઠા
આશ્લેષામાં મંગળ તા. ૬-૮-૨૦૧૭
મધામાં મંગળ તા. ૨૭-૮-૨૦૧૭

પૂર્વા ફાલ્ગુનમાં મંગળ તા. ૧૭-૯-૨૦૧૭ જ્યારે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં મંગળ, તા. ૮-૧૦-૨૦૧૭ સવારે ૯ કલાક ૩૧ મિનિટમાં આવશે. આ ગાળામાં સૂર્ય અંગે જોઈએ તો, તા. ૩-૮-૨૦૧૭ થી સૂર્ય આશ્લેષા નક્ષત્રમાં,
તા. ૧૭-૮-૨૦૧૭ થી મધા નક્ષત્રમાં,
તા. ૩૦-૮-૨૦૧૭ થી ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં સૂર્ય આવશે. (સવારે ૨૦ કલાક ૪૦ મિનિટે)
આ ગાળો ખાસ કરીને અને મંગળ ગ્રહથી પ્રભાવિત થશે.
ઓગષ્ટ ૨૦૧૭ તા. ૨૬માં મંગળ-રાહુ યુતિયોગ થશે.

આ ગાળામાં ચોમાસામાં પણ ગરમીનો અહેસાસ થશે. હવામાન પણ દુષિત થતુ જણાશે. સૂર્ય મંગળનો પ્રભાવ હવામાન વાતાવરણ ઉપર થતો હોય છે. ઘણી વખત વરસાદ ખેંચાય તો ઘણા ભાગોમાં અતિ ભારે પણ થવાની શક્યતાઓ રહે. માનવેતર બાબતોને વાતાવરણની અસર પણ થતી હોય છે. આ માસમાં પણ અવનવા આંદોલનો તેમજ અઘટિત ઘટનાઓ જોવા મળશે. દેશના વાયવ્ય ખુણાના ભાગો પણ ઘટના પ્રભાવિત જોવા મળશે. પાકિસ્તાનની અવળચંડાઈ પણ જણાશે. ખાસ કરીને મહારાષ્ટ્રના ભાગો આ ગાળામાં પ્રભાવિત થતાં મહારાષ્ટ્ર ઘટના પ્રભાવિત જણાય.

કૂર્મચક્રના દક્ષિણી ભાગમાં, એવા નિલગિરી પર્વત, પ્રદેશ, કર્ણાટક, કેરલ, તામિલનાડુ, મહારાષ્ટ્રના બાકીનો ભાગ.

આ વિભાગમાં નક્ષત્રો, ઉત્તરફાલ્ગુની, હસ્ત, ચિત્રા, ઉતારા ફાલ્ગુની, હસ્ત, અને ચિત્રા નક્ષત્રનો વેધ શતભિષા, પૂ.ષા. ઓ ઉ.ષા. છે.

**આ વિભાગમાં નક્ષત્રોના ગ્રહોના ભ્રમણ અંગે જોઈએ તો,**

મંગળ, ઉત્તરા ફાલ્ગુનીમાં તારીખ ૮-૧૦-૨૦૧૭ થી પ્રદેશ

## ભગવાન ગણેશજીની સામાન્ય ઉપાસના



**ગજવદન વિભ્રૌ યદ્ધર્ણિતઃ વૈભવં તે**
**ન્વિહ જનુષિ મમેત્થં ચારુ નદર્શવોશુ ।**
**ત્વમસિ, ચ કરૂણાવાઃ સાગરઃ કૃત્સ્નદાતા**
**પ્વસિ નવભૃતકોહું સર્વદા ચિન્તકો સ્મિ ॥**



**અર્થ :- હે હાથીના સમાન મુખવાળા વ્યાપક પરમાત્મા તમારા જે વૈભવોનું વર્ણન થયેલું છે તે સઘળા વૈભવો મને તમે મારા આ જન્મમાં સારી રીતે અને જલદી બતાવો કે પ્રભુ તમે દયાના ભંડાર છો તેમજ તમામ સિદ્ધિ આપનારા છો હું હંમેશા, તમારૂ જ ચિંતન કરનારો છું.**


**જયતિ જગતઃ પ્રસૂતિ વિશ્વાત્મા સહજભૂષણં નમસઃ**
**હ્રુત કનકઃ સદ્શ દશ શત મયુરવમાલા ર્મિતઃ સવિતા ॥**
**પ્રસૂતિ વિશ્વા ત્મા દશરા તમયૂર વમાલાર્ચિત્તઃ**

**જેમનાથી આ સર્વ જગતનું સર્જન થયું છે. જેઓ નભો મંડળના અલંકરણરૂપ છે, અને જેઓ વિશુદ્ધ સુવર્ણ સદૃશ કિરણાવલિથી અર્ચના પામી રહ્યા છે, એવા વિશ્વાત્મા સૂર્યદેવનો જય હો.**

With Best Compliments From

KALPA-TARU®

POWER TRANSMISSION LIMITED



KPTL (Kalpataru Power Transmission Ltd) is one of the largest and fastest growing specialized EPC companies in India engaged in power transmission & distribution, oil & gas pipeline, railways, infrastructure development, civil contracting and warehousing & logistics business with a strong international presence in power transmission & distribution. The company is currently executing several contracts in India, Africa, Middle East, Australia, CIS, SAARC, North America and Far East.



101, PART-III, G.I.D.C. ESTATE
SECTOR - 28, GANDHINAGAR - 382028, GUJARAT, INDIA
Phone : (++91) - 079- 23214000, Fax : (++91) - 079 - 23211971
Email : mktg@kalpatarupower.com

